Wednesday
04.11.2026
✳Volume :11 ✳ Issue No.123
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

KAMALAM

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વલસાડના નંદવાળા ખાતે ત્રિમંદિરનું ભૂમિપૂજન સંપન્ન

દાદા ભગવાન ફાઉન્ડેશન 'અક્રમ વિજ્ઞાન' દ્વારા આત્મજ્ઞાન અને સર્વધર્મ સમન્વયનો પ્રસાર કરે છે









કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વલસાડ જિલ્લાના નંદવાળા ખાતે દાદા ભગવાન પરિવાર (ફાઉન્ડેશન)ના ત્રિમંદિરનું ભૂમિપૂજન પૂજ્યશ્રી દિપકભાઈ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમા કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ પૂજ્યશ્રી દીપકભાઈ સાથે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કરી હતી. તેમજ પૂજ્યશ્રી સાથે આત્મીય સંવાદ સાધીને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ પોતાની ભાવના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અહીંયા અમે મહાત્માની રીતે આવીએ છીએ, તો તમારા ચરણોમાં સમર્પિત થઈ જઈએ એવી પ્રાર્થના હર હંમેશ કરતા રહીએ છીએ. તમણે ઉમેર્યું કે, દાદા ભગવાન, પૂજ્ય નીરુમા અને પૂજ્યશ્રીની ભાવના છે કે આવા મંદિર ગામોગામ હોજો. મુખ્યમંત્રીશ્રીએ પુજ્ય દાદા ભગવાનનું ભાવસ્મરણ કરતાંતેમણે કરેલી વાતોનું સ્મરણ કરતા કહ્યું કે, આપણે બધા આજે એવી ભાવના કરીએ કે આ મંદિરો જેટલા વધુ ને વધુ બનશે, પછી ભારતનો નકશો કંઈક અલગ જ હશે. તો આપણે બધાએ આજે આ ભાવના રાખીયે કે આવા મંદિર જેટલા વધુ ને વધુ ઝડપથી બને અને લોક કલ્યાણ પ્રવૃત્તિ વધુ પ્રબળ બને. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિકસિત ભારતનો સંદેશ દોહરાવતા વિકસિત ભારતમાં પણ આવા મંદિરોનું યોગદાન મળશે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. ત્રિમંદિર એ જૈન, શૈવ, વૈષ્ણવ અને અન્ય ધર્મોને એક સમાન મંચ પર લાવીને ધાર્મિક મતભેદો દૂર કરતું અનોખું નીર્ધામ છે. પરમ પૂજ્ય દાદાશ્રીના જણાવ્યા અનુસાર, આ મંદિરનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને 'મારો ધર્મ જ સાચો છે' તેવા વાડાઓમાંથી મુક્ત કરી આત્મજ્ઞાન અને સાચા માર્ગના માર્ગદર્શન હેઠળ, આ સંસ્થા વિશ્વભરમાં સત્સંગ, જ્ઞાનવિધિ અને આધ્યાત્મિક શિબિરોનું આયોજન કરે છે. મુખ્યમંત્રીશ્રીએ પૂજ્ય દીપકભાઈના માર્ગદર્શન હેઠળ, આ સંસ્થા વિશ્વભરમાં સત્સંગ, જ્ઞાનવિધિ અને આધ્યાત્મિક શિબિરોનું આયોજન કરે છે. જઈને સાચી શાંતિનો અનુભવ કરાવે છે. દાદા ભગવાન ફાઉન્ડેશન એ પરમ પૂજ્ય દાદા ભગવાન દ્વારા પ્રસ્થાપિત 'અક્રમ વિજ્ઞાન' સ્ટેપ્લેસ આધ્યાત્મિક વિજ્ઞાન) નો દેશ-વિદેશમાં પ્રસાર કરતી આધ્યાત્મિક સંસ્થા છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને સંસારમાં રહીને, કોઈ પણ પ્રકારના કઠોર ત્યાગ વિના સીધી રીતે આત્મજ્ઞાન (Self-Realization) પ્રાપ્ત કરાવવાનો છે. પૂજ્ય નીરુમા અને વર્તમાન આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના માર્ગદર્શન હેઠળ, આ સંસ્થા વિશ્વભરમાં સત્સંગ, જ્ઞાનવિધિ અને આધ્યાત્મિક શિબિરોનું આયોજન કરે છે. ફાઉન્ડેશન દ્વારા દેશભરમાં નિર્મિત 'ત્રિમંદિરો' સાંપ્રદાયિક મતભેદોને દૂર કરી સર્વધર્મ સમન્વય અને વિશ્વ શાંતિનો અનોખો સંદેશ આપે છે. મંદિર ભૂમિપૂજનના કાર્યક્રમમાં વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, કલેક્ટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચાપલોત, પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, જિલ્લા સંગઠનપ્રમુખ હેમંત કંસારા, સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

માહિતી નિયામક તરીકે પદભાર સંભાળતા IAS શ્રી જી.ટી.પંડ્યા

કર્મયોગીઓને ટીમ-ભાવનાથી કામગીરી કરવાનો અનુરોધ કરતા શ્રી જી.ટી.પંડ્યા



કમલમ્,

શ્રી જી.ટી.પંડ્યાએ માહિતી નિયામકશ્રીનો પદભાર સંભાળ્યો હતો. માહિતી નિયામક શ્રી જી.ટી.પંડ્યાએ પદભાર સંભાળ્યા બાદ ગાંધીનગર ખાતે અધિક માહિતી નિયામક ડો. સંજય કચોટ સહિત માહિતીના અધિકારીઓ સાથે બેઠક કરીને પરિચય કેળવ્યો હતો. શ્રી પંડ્યા એ સૌને ટીમ-ભાવનાથી કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. શ્રી પંડ્યાએ માહિતી નિયામકશ્રીની કચેરીની કામગીરી સમજીને પ્રજા કલ્યાણની રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓના મહત્તમ લાભ છેવાડાના માનવી સુધી પ્રચાર-પ્રસાર દ્વારા કેવી રીતે પહોંચાડી શકાય તે અંગે સૌને માર્ગદર્શન આપ્યું હતું. શ્રી જી.ટી.પંડ્યાએ માહિતી નિયામકનો ચાર્જ સંભાળ્યો તે અગાઉ તેઓ રાજ્યના શિક્ષણ વિભાગમાં અધિક સચિવ તરીકે કાર્યરત હતા. તેઓ મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલેક્ટર તરીકે અને રાજકોટ જિલ્લામાં પણ જિલ્લા વિકાસ અધિકારી તરીકે સેવા આપી ચૂક્યા છે. ૧૫ મે, ૧૯૭૨ના રોજ જન્મેલા શ્રી જી. ટી. પંડ્યાએ માઈનિંગ એન્જિનિયરિંગમાં બી.ટેક.ની પદવી પ્રાપ્ત કરી છે. ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસની વર્ષ ૨૦૧૧ની બેચના સનદી અધિકારીશ્રી પંડ્યા વહીવટી ક્ષેત્રે લાંબો અને સમૃદ્ધ અનુભવ ધરાવે છે. અગાઉ તેઓ સરકારમાં વિવિધ મહત્વપૂર્ણ પદો પર સેવાઓ આપી ચૂક્યા છે. નોંધપાત્ર બાબત એ છે કે તેઓને સ્વસ્થ ભારત અને ઈ-ઔષધિ પ્રોજેક્ટ માટે સ્કોચ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

અમદાવાદ ખાતે ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝની મહિલા પાંખનાં સભ્યો સાથે સંવાદ યોજતા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

ભારતીય જનતા પાર્ટીના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત SIRના મુદ્દે મહિલા સભ્યો સાથે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વિચારવિમર્શ કર્યો



SIR નો હેતુ મતદાનના અધિકારથી એક પણ પાત્ર નાગરિક બાકાત ન રહે તે સુનિશ્ચિત કરવાનો તથા કોઈ ગેરલાયક વ્યક્તિનું નામ મતદાર યાદીમાં ન રહે તે સુનિશ્ચિત કરવાનો છે-શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

કમલમ્,


રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારતીય જનતા પાર્ટીના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત અમદાવાદ ખાતે ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝની મહિલા પાંખના સભ્યો સાથે' સંવાદ યોજ્યો હતો. જનતા નું સમર્થન મેળવવામાં અસમર્થ વિપક્ષી દળો દ્વારા SIR (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન) અંગે કરવામાં આવી રહેલાં બંબુનિયાદ અપપ્રચારના સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન-SIR એ કોઈ નવી પ્રક્રિયા નથી, પરંતુ આઝાદી બાદ થી ચૂંટણી પંચ દ્વારા અગાઉ પણ અનેક વખત આ પ્રક્રિયા કરવામાં આવી ચૂકી છે. આ પ્રક્રિયા ચૂંટણી પંચની કામગીરીનો ભાગ છે. આ પ્રક્રિયાનો હેતુ લોકશાહીમાં મતદાનના અધિકારથી એક પણ પાત્ર નાગરિક બાકાત ન રહે તે સુનિશ્ચિત કરવાનો છે. સાથેજ, કોઈ ગેરલાયક વ્યક્તિનું નામ મતદાર યાદીમાં ન રહે તે પણ એટલું જ મહત્વનું છે. તેમણે જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વિશ્વમાં મહત્વપૂર્ણ સ્થાન અને વિશ્વાસ સંપાદિત કર્યો છે.

આજે મેનપાવર થી લઈને રોકાણ સહિતના તમામ ક્ષેત્રોમાં સમગ્ર વિશ્વ માટે ભારત મહત્ત્વના ભાગીદાર તરીકે ઊભરી આવ્યું છે. ભારત આજે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યો છે તેના પાયામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું નિર્ણાયક અને દૂરદેશી નેતૃત્વ છે. તેમણે કહ્યું કે, રાજકીય વિરોધીઓ દ્વારા દેશની લોકશાહી પદ્ધતિને નુકસાન પહોંચાડવા અને વિકાસની ગતિ અવરોધવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં વડાપ્રધાનશ્રીએ ઊભો કરેલો વિશ્વાસ જાળવી રાખવાની જવાબદારી હવે આપણા સૌની છે, તેમ તેમણે ભારપૂર્વક કહ્યું હતું. શ્રી પટેલે વધુમાં કહ્યું કે સમાજના શ્રેષ્ઠીઓ પર સામાન્ય લોકોનો ભરોસો હોય છે. આ દૃષ્ટિએ તેમની જવાબદારી પણ વધારે મહત્ત્વની બની જાય છે. લોકતંત્રને વધુ મજબૂત બનાવવા અને અરાજકતા દૂર કરવાના આ પ્રયાસમાં સૌને આગળ આવવા તેમણે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મહિલા ઉદ્યોગસાહસિકોએ SIR સંદર્ભે પણ પોતાના વિચારો અને અભિપ્રાયો રજૂ કર્યા હતા.

દેશભરમાં SIRના મુદ્દે ચાલી રહેલા કુપ્રચાર અને ગેરસમજણ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી આયોજિત આ સંવાદમાં ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ શ્રી રાજેશભાઈ ગાંધી, બિઝનેસ વિમેન્સ કમિટીનાં ચેરપર્સન સુશ્રી શાલુ લેખાડિયા સહિત મોટી સંખ્યામાં મહિલા ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપતો વધુ એક મહત્ત્વનો નિર્ણય

રાજ્યની સરકારી અને અનુદાનિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોના માનદ વેતનમાં બમણો વધારો



કમલમ્, ગાંધીનગર

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે રાજ્યની સરકારી તથા ગ્રાન્ટ-ઈન-એઈડ (અનુદાનિત) ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITIs) માં તાલીમાર્થીઓને વ્યવસાયલક્ષી અને કૌશલ્યલક્ષી તાલીમ આપવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપતા પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોના હિતમાં સંવેદનશીલ નિર્ણય લીધો છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આ ઈન્સ્ટ્રક્ટરોના માનદ વેતનના દરોમાં નોંધપાત્ર વધારો કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી તાલીમ ક્ષેત્રે કાર્યરત પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોને આર્થિક લાભ મળવાની સાથે તેમની સેવાઓનું વધુ પ્રોત્સાહન મળશે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ તથા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા તેમજ રાજ્ય મંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાના નેતૃત્વમાં લેવામાં આવેલા આ નિર્ણય અનુસાર પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોના પ્રતિ કલાક માનદ વેતનના દરમા રૂ. ૯૦ થી વધારો કરીને રૂ. ૧૮૦ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, દૈનિક મહત્તમ માનદ વેતનની મર્યાદા રૂ. ૫૪૦ થી વધારીને રૂ. ૧,૦૮૦ કરવામાં આવી છે. જ્યારે માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદામાં પણ બમણો વધારો કરીને રૂ. ૧૪,૦૪૦ થી વધારીને રૂ. ૨૮,૦૮૦ કરવામાં આવી છે. આમ, દૈનિક મહત્તમ તથા માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદામાં બમણાથી વધુનો વધારો કરવામાં આવતાં પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોને તેમની સેવાઓના પ્રમાણમાં વધુ આર્થિક લાભ મળી શકશે. આ સાથે જ; આઈટીઆઈમાં ભણતા વિદ્યાર્થીઓને પણ વધુ શ્રેષ્ઠ ઈન્સ્ટ્રક્ટર્સદ્વારા ઉચ્ચ ક્ષમતાની અને અવિરત તાલીમ મળશે. માનદ વેતનમાં વધારો થતાં વધુ સંખ્યામાં વિ ઝિટર્સ ઈન્સ્ટ્રક્ટર્સ સેવાઓ આપવા માટે તૈયાર થશે કે જેથી વિદ્યાર્થીઓને અભ્યાસ પણ નહીં બગડે. નોંધનીય છે કે, રાજ્યની સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વિવિધ વ્યવસાયોમાં તાલીમાર્થીઓને ગુણવત્તા યુક્ત વ્યવસાયલક્ષી તાલીમ આપવા માટે પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોની સેવાઓ લેવામાં આવે છે. આ ઈન્સ્ટ્રક્ટરો તાલીમાર્થીઓને સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે વ્યવહારુ કૌશલ્યો અને ઔદ્યોગિક ક્ષેત્રને અનુરૂપ તાલીમ આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી, તેમના માનદ વેતનમાં કરવામાં આવેલો આ વધારો રાજ્યની વ્યાવસાયિક તાલીમ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થશે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આ અંગે તાજેતરમાં ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે તથા ઠરાવની જોગવાઈઓ અનુસાર માનદ વેતનના સુધારેલા દરો ઠરાવની તારીખ થી અમલમાં મૂકવામાં આવ્યા છે. રાજ્ય સરકારનો આ નિર્ણય કૌશલ્ય વિકાસ ક્ષેત્રે કાર્યરત માનવ સંસાધનને યોગ્ય પ્રોત્સાહન આપવાની સાથે સરકારી અને અનુદાનિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમની ગુણવત્તા, કાર્યક્ષમતા અને તાલીમ વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવામાં સહાયક બનશે.

તંત્રી સ્થાનેથી.....

બનાસકાંઠાના ડીસા તાલુકાના મહાદેવીયા ગામ પાસે બનાસ નદી પર ફિશ સ્કેલ વિયર ડેમના નિર્માણને રાજ્ય સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. બનાસ નદીના વધારાના પાણીને આ વિસ્તારમાં ખાસ ફિશ સ્કેલ સ્ટેડ વિયર બનાવીને સંગ્રહિત કરવામાં આવશે. આ પાણીના સંગ્રહથી ભૂગર્ભજળ રિચાર્જમાં મદદ મળશે અને ડીસા અને કાંકરેજ તાલુકાના કુલ ૧૦૦ ગામોના લોકોને ફાયદો થશે. આ વિસ્તારમાં પહેલા વિવિધ સ્થળો એ ચેકડેમથી પાણીના સંગ્રહનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે અહીં નદીનો પટ ખૂબ પહોળો હોવાથી હવે ડેમો બનાવવાની સૌથી વધુ અનુભવ ધરાવતી સંસ્થા IIT Roorkee જોઈ ફિશ સ્કેલ વિયર ડેમ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. બનાસ નદીની રિચાર્જ ક્ષમતા સારી હોવાથી ભૂગર્ભજળ રિચાર્જમાં તેના સારા પરિણામો જોવા મળશે.

૫૦૦ મીટર પહોળો ડેમ, ૨.૭૨ કિ.મી. લાંબુ જળાશય બનશે

આ ડેમ ૫૦૦ મીટર પહોળો હશે અને તેમાં સાત સ્ટેપ (મોટા પગથિયા) હશે. આ ડેમ દ્વારા ઢાંતીવાડા અને સિપુ ડેમમાંથી છોડાતા પાણીનો સંગ્રહ કરવામાં આવશે. આ ડેમની સંગ્રહક્ષમતા અપસ્ટ્રીમમાં જળાશય લગભગ ૨.૭૨ કિલોમીટર લંબાઈનુ રહેશે. આ ડેમની ઉત્તર કાંઠે ૪,૭૯૫ મીટરની માટી પાળો બનાવવામાં આવશે.

વર્ષ ૨૦૨૯ સુધી ડેમ નિર્માણનું લક્ષ્ય, બીજા તબક્કામાં પ્રવાસન વિકાસ મહાદેવીયા ગામ પાસે બનાસ નદી પર આ ડેમનું નિર્માણ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૯ સુધી આ ડેમની કામગીરી પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. તેની ફાઈનલ ડિઝાઇન માટે ક્રામગીરી સોપી દેવામાં આવી છે. ત્યારબાદ બીજા તબક્કામાંઅહીં સ્થાનિક પ્રવાસનને વેગ આપવા માટે વિવિધ પ્રકલ્પો રજૂ કરવામાં આવશે.

સ્પેક એમ.બી.એ., બાકરોલ ખાતે 'SSIP પ્રપોઝલ રાઈટિંગ' વિષય પર વર્કશોપનું સફળ આયોજન.



કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ – એમ.બી.એ. (SPCAM–MBA), બાકરોલ ખાતે એસએસઆઈપી 2.0 (S S IP 2.0) ના સહયોગથી "From Idea to Funding: A Workshop on S S IP Proposal Writing" વિષય પર વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને પોતાના નવીન વિચારોને અસરકારક સ્ટાર્ટઅપ પ્રસ્તાવોમાં રૂપાંતરિત કરવા, નાણાકીય સહાય મેળવવાની પ્રક્રિયા તથા યોગ્ય પ્રોજેક્ટ પ્રપોઝલ તૈયાર કરવા અંગે વ્યવહારુ માર્ગદર્શન આપવાનો હતો. કાર્યક્રમનું આયોજન કોલેજના ડિરેક્ટર, આઈ.ક્યુ.એ.સી. કો-ઓર્ડિનેટર તથા પ્લેસમેન્ટ સેલ કો-ઓર્ડિનેટરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. સજેના એમ. પિલ્લાઈ (અસોસિયેટ પ્રોફેસર, ઈનોવેશન ક્લબ તથા એસએસઆઈપી સેલના કો-ઓર્ડિનેટર, સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ) એ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે નવીન વિચારોને સ્ટાર્ટઅપના સ્વરૂપમાં વિકસાવવા, અસરકારક પ્રોજેક્ટ પ્રપોઝલ તૈયાર કરવા તથા એસએસઆઈપી અંતર્ગત નાણાકીય સહાય મેળવવાની પ્રક્રિયા અંગેઉપયોગી માહિતી આપી હતી. સાથે જ નવીન વિચારોની ઓળખ, સ્ટાર્ટઅપ પ્રસ્તાવનું વ્યવસ્થિત માળખું, પ્રપોઝલ ડેવલપમેન્ટ અને ઉદ્યોગસાહસિકતાના મહત્ત્વ વિશે વ્યવહારુ સમજ આપી હતી. આ વર્કશોપ વિદ્યાર્થીઓમાં નવીન વિચારસરણી, સર્જનાત્મકતા તથા સ્ટાર્ટઅપ પ્રત્યે જાગૃતિ વિકસાવવા માટે જ્ઞાનવર્ધક અને ઉપયોગી સાબિત થયો હતો. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

સ્પેક કોમર્સ, બાકરોલમાં "હેન્ડ્સ-ઓન પ્રેક્ટિસ" સેશનનું આયોજન કરાયું



કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ કોમર્સ, બાકરોલમાં આઈ.ક્યુ.એ.સી. સેલ અંતર્ગત એમ.કોમ. સેમેસ્ટર–૧ના વિદ્યાર્થીઓ માટે ભારતીય હિસાબી ધોરણો અંગે બે વ્યવહારુ તાલીમ સેશનોનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમ સત્રોનો હેતુ વિદ્યાર્થીઓમાં ભારતીય હિસાબી ધોરણો અંગે સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે વ્યવહાર સમજ કેળવવાનો હતો. સેશનોનું આયોજન કોલેજના આચાર્ય યશ્રી ડૉ. મેહુલ મિસ્ત્રી, એચ.ઓ.ડી. ડૉ. વિમલ શર્મા અને આઈ.ક્યુ.એ.સી. કો–ઓર્ડિનેટર આશુતોષ વસાવાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ બંને સેશનોમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. રાજ પંડિત (આસિસ્ટન્ટ પ્રોફેસર તેમજ હેડ ઓફ કોમર્સ ડિપાર્ટમેન્ટ, પારુલ યુનિવર્સિટી, વડોદરા) ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ સેશનમાં તેમણે ભારતીય હિસાબી ધોરણોની મૂળભૂત સમજ, મહત્વ અને વિવિધ જાગવાઈઓ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે બીજા સેશનમાં ભારતીય હિસાબી ધોરણોના વ્યવહાર ઉપયોગ અંગે વિવિધ હિસાબી વ્યવહારો અને ઉદાહરણોના માધ્યમથી વિદ્યાર્થીઓને વિગતવાર સમજ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન વિષયને સરળતાથી સમજાવવા માટે વિવિધ વ્યવહારુ ઉદાહરણો રજૂ કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને હિસાબી ધોરણોને માત્ર સૈદ્ધાંતિક રીતે સમજવાને બદલે વાસ્તવિક હિસાબી વ્યવહારો સાથે જોડીને સમજવા માટે પ્રેરિત કર્યા હતા. બંને સત્રોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વક્તા શ્રી સાથે સક્રિય સંવાદ સાધ્યો હતો. આ તાલીમથી વિદ્યાર્થીઓમાં ભારતીય હિસાબી ધોરણોની સમજ, હિસાબી વિશ્લેષણની ક્ષમતા તથા વ્યવહારુ હિસાબી જ્ઞાનમાં વધારો થયો હતો. આ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

સ્પેક ફાર્મસીમાં 'આઈપી વર્કશોપ ૨૦૨૬'નું સફળ આયોજન કરાયું



કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસી, બાકરોલના આઈપી સેલ દ્વારા આઈપી વર્કશોપ ૨૦૨૬' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને સંશોધકોમાં ઈનોવેશન તેમજ બૌદ્ધિક સંપત્તિ અધિકારો ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ અંગે જાગૃતિ કેળવવાનો હતો.. આ કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. નેહલ શાહ, આઈ.ક્યુ.એ.સી. કો—ઓર્ડિનેટર ડૉ. રાહિલ ભુરા, આઈ.પી. સેલ હેડ ડૉ. વૃંદા શાહ, તથા તમામ અધ્યાપકગણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત બંસરી પટેલ (એપ્રુડ પેટન્ટ એજન્ટ, GUJCOST) દ્વારા 'પેટન્ટ સર્ચ અને પીએસએઆર રિપોર્ટ રાઇટિંગ' વિષય પર માહિતી સભર સેશન યોજવામાં આવ્યું હતું, જ્યારે ડૉ. ઉદ્ભવ પી. વાઘેલા (આસિસ્ટન્ટ પ્રોફેસર, સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસી) 'ક્રોપીરાઇટ રજીસ્ટ્રેશન' વિષય પર વિસ્તૃત માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ વર્કશોપમાં એમ.ફાર્મના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકગણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બંને નિષ્ણાતોએ નવા વિચારો, સંશોધન અને નવીનતાના રક્ષણ માટે બૌદ્ધિક સંપત્તિ અધિકારોના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો, જેના પરિણામે સહભાગીઓને પેટન્ટ, કોપીરાઇટ અને બૌદ્ધિક સંપત્તિ સંરક્ષણ અંગે ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત થયું હતું. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સ્પેક એન્જિનિયરિંગ, બાકરોલની કબડ્ડી ટીમ જીટીયુ આંતર-ઝોન કબડ્ડી સ્પર્ધા–૨૦૨૬માં ચેમ્પિયન બની.



કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક), બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી કોલેજની કબડ્ડી ટીમે જીટીયુ આંતર-ઝોન કબડ્ડી સ્પર્ધા–૨૦૨૬માં ચેમ્પિયન બનીને કોલેજનું ગૌરવ વધાર્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રુચિ વધારવી, શારીરિક તંદુરસ્તી, શિસ્ત, ટીમવર્ક, આત્મવિશ્વાસ અને ખેલદિલીની ભાવના વિકસાવવી તથા વિદ્યાર્થીઓને આંતર-ઝોન સ્તરે પોતાની પ્રતિભા દર્શાવવાની તક પૂરી પાડવાનો હતો.આ સ્પર્ધામાં ભાગ લેવા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. નાનક પમનાણી, વાઇસ પ્રિન્સિપાલ તથા આઈ.ક્યુ.એ.સી. કો-ઓર્ડિનેટર ડૉ. ઋત્વિજ જોશી અને કોલેજના સ્પોર્ટ્સ કો-ઓર્ડિનેટર દ્વારા જરૂરી સહયોગ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સ્પર્ધા દરમ્યિાન સ્પેકની ટીમે ક્વાર્ટર ફાઈનલમાં એચ. એન. શુક્લા કોલેજ, રાજકોટને, સેમિફાઈનલમાં એલ. ડી. કોલેજ, અમદાવાદને અને ફાઇનલમાં એસ.એ. એલ. કોલેજ, અમદાવાદને હરાવીને વિજેતા સ્થાન પ્રાપ્ત કર્યું હતું.આ સ્પર્ધાનું આયોજન વડાસ્થા, મહેસાણા ખાતે કરવામાં આવ્યું હતું. આ સફળતા ટીમવર્ક, શિસ્ત, સખત મહેનત, સમર્પણ અને ખેલદિલીનું પરિણામ હતી. આ ગૌરવપૂર્ણ સફળતા બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ તથા સ્પેક મેનેજમેન્ટ દ્વારા વિજેતા ટીમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સ્પેક એન્જિનિયરિંગના વિદ્યાર્થીએ જી.ટી.યુ. આંતર-ઝોન જુડો ટુર્નામેન્ટ–૨૦૨૬માં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો.



કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક), બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીના વિદ્યાર્થી પીયુષ શાયનીએ (ફ્રેમ્પ્યુટર સાયન્સ વિભાગ, સેમેસ્ટર—૩) જી.ટી.યુ. આંતર-ઝોન જુડો ટુર્નામેન્ટ–૨૦૨૬માં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું આયોજન જી.ટી.યુ. દ્વારા કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ તથા સ્પેક મેનેજમેન્ટ દ્વારા વિદ્યાર્થીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

'બ્રેસ્ટ કેન્સર અવેરનેસ મન્થ' અંતર્ગત અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૨૯૭ મહિલાઓનું સ્તન કેન્સર સ્ક્રીનિંગ કરાયું

કમલમ્,

સ્તન કેન્સર અંગે મહિલાઓમાં જાગૃતિ વધારવા અને રોગની સમયસર ઓળખ કરી યોગ્ય સારવાર શરૂ કરી શકાય તેવા ઉમદા હેતુથી દર વર્ષે ઓક્ટોબર ૧ થી ઓક્ટોબર ૩૧ દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે 'પિંક ઓક્ટોબર' અથવા 'બ્રેસ્ટ કેન્સર અવેરનેસ મન્થ' તરીકે મનાવવામાં આવે છે. આ વૈશ્વિક અભિયાનનો હેતુ સ્તન કેન્સર અંગે જાગૃતિ ફેલાવવાનો, તબીબી સંશોધનો માટે પ્રોત્સાહન આપવાનો અને સમયસર નિદાન પર ભાર મૂકવાનો છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા વર્ષ ૨૦૨૬ માટે આ વૈશ્વિક અભિયાનની થીમ "Everystory is unique, every journey matters" (દરેક વાર્તા અજોડ છે, દરેક યાત્રા મહત્વપૂર્ણ છે) નિર્ધારિત કરવામાં આવી છે, જે વ્યક્તિગત અનુભવોને ઉજાગર કરેછે અ ને ગુણવત્તા સભર સારવાર સુધી સાર્વત્રિક પહોંચ સુનિશ્ચિત કરવા પર ભાર મૂકે છે. આ વૈશ્વિક અભિયાનની ભાવનાને અનુસરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલના રેડિયોલોજી વિભાગ દ્વારા 'બ્રેસ્ટ કેન્સર અવેરનેસ મન્થ' અંતર્ગત ઓક્ટોબર મહિનામાં વિશેષ સ્તન તપાસ (સ્ક્રીનિંગ) ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ અભિયાન દરમિયાન ૨૮ થી ૭૧ વર્ષની વયજૂથની કુલ ૨૯૭ મહિલાઓની મેમોગ્રાફી અને સોનોગ્રાફી તપાસ કરવામાં આવી હતી. સ્ક્રીનિંગના મુખ્ય તારણો અને આંકડા વિગત આપતા સિવિલ હોસ્પિટલના રેડિયોલોજી વિભાગના વડા ડૉ. શીતલ પટેલે જણાવ્યું હતું કે તપાસ કરાયેલી ૨૯૭ મહિલાઓમાં ૪૦ વર્ષથી ઓછી ઉંમરની ૪૯ અને ૪૦ વર્ષથી વધુ ઉંમરની ૨૪૮ મહિલાઓ સામેલ હતી, જેમાંથી કુલ ૨૯૭ મહિલાઓમાંથી ૨૧૧ મહિલાઓની મેમોગ્રાફી અને સોનોગ્રાફી બંને કરવામાં આવી હતી, ૭૭ મહિલાઓની માત્ર મેમોગ્રાફી કરવામાં આવી, જ્યારે ૯ મહિલાઓની માત્ર સોનોગ્રાફી તપાસ કરવામાં આવી.

મેમોગ્રાફી કરવામાં આવેલ ૨૮૮ મહિલાઓમાંથી,

- ૨૬૫ મહિલાઓના રિપોર્ટ સામાન્ય અથવા ઓછા જોખમવાળા નોંધાયા.
- ૨૩ મહિલાઓમાં શંકાસ્પદ ગાંઠ કે ફેરફાર જણાતાં તેમને આગળની તપાસ અને બાયોપ્સી માટે રેફર કરાઈ.
- ૨૩ પૈકી ૫ મહિલાઓની બાયોપ્સી પૂર્ણ થઈ છે, જેમાંથી ૨ મહિલાઓના રિપોર્ટ બિન-કેન્સરગ્રસ્ત (Benign) આવ્યા છે, જ્યારે ૩ના રિપોર્ટ હજુ પેન્ડિંગ છે જ્યારે બાકીની ૧૮ મહિલાઓને બાયોપ્સી કરાવવા કાઉન્સેલિંગ આપવામાં આવ્યું છે.

માત્ર સોનોગ્રાફી તપાસ કરવામાં આવેલ ૯ મહિલાઓથી ૨ મહિલાના તપાસ પરિણામો શંકાસ્પદ જણાતા તેમને વધુ તપાસ માટે બાયોપ્સી કરાવવાની સલાહ આપવામાં આવી છે. યુવા મહિલાઓમાં સ્ક્રીનિંગનું વિશેષ મહત્વ છે, ત્યારે આ અભિયાન દરમિયાન ૩૫ વર્ષથી ઓછી વયની ૧૧૬ મહિલાઓની સોનોગ્રાફી કરવામાં આવી હતી. આ પૈકી ૨ યુવતીઓમાં પણ શંકાસ્પદ લક્ષણો મળતાં તેમને બાયોપ્સી કરાવવા સૂચન કરેવું છે. સામાન્ય રીતે નાની ઉંમરે સોનોગ્રાફી અને જરૂરિયાત મુજબ વય તથા જોખમી પરિબળોને આધારે મેમોગ્રાફી પસંદ કરવામાં આવે છે. સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોષી અને રેડિયોલોજી વડા ડૉ. શીતલ પટેલએ જણાવ્યું કે, સ્તન કેન્સરના શરૂઆતના તબક્કે ઘણી વખત કોઈ સ્પષ્ટ દુખાવો કે લક્ષણ હોતા નથી, તેથી નિયમિત સ્ક્રીનિંગ જીવનરક્ષક સાબિત થાય છે. કોઈપણ પ્રકારના લક્ષણોની અવગણના ન કરીને તાકીદે સ્ક્રીનિંગ કરવવું જોઈએ.

મહિલાઓએ ધ્યાનમાં રાખવા જેવા લક્ષણો

- સ્તન અથવા બગલમાં નવી ગાંઠ થવી.
- સ્તનના કદ કે આકારમાં અસામાન્ય ફેરફાર.
- સ્તનની ત્વચા પર લાલાશ, ખરબચડાપણું કે ખાડા પડવા.
- નિપલમાંથી લોહી અથવા અસામાન્ય પ્રવાહી નીકળવું.

ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે અમદાવાદ સિવિલ હોસ્પિટલના રેડિયોલોજી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી આ પહેલ મહિલાઓમાં સ્તન કેન્સર અંગે જાગૃતિ કેળવવા અને સમયસર નિદાનના મહત્વનઉજાગર કરવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે.

સ્પેક-એસ.પી.સી.એ.એમ., બાકરોલમાં કેરિયર મેન્ટરિંગ સેશન યોજાયું.



કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ(S PCAM), બાકરોલમાં ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા ઈન્ટરનેશનલ રિલેશન્સ એન્ડ રિસર્ચ સેલ (IRRC)ના સહયોગથી ટી.વાય. બી.બી.એ. (જનરલ), બી.બી.એ. (આઈ.એસ.એમ.) અને બી.સી.એ.ના વિદ્યાર્થીઓ માટે 'વિદેશમાં અભ્યાસ અને કારકિર્દીની તકો' વિષય પર કેરિયર મેન્ટરિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ, આંતરરાષ્ટ્રીય કારકિર્દીની તકો, વિઝા અભ્યાસની પ્રક્રિયા તથા વૈશ્વિક રોજગાર ક્ષેત્રમાં ઉપલબ્ધ સંભાવનાઓ અંગે માર્ગદર્શન આપી તેમની કારકિર્દી માટે યોગ્ય દિશા અને નિર્ણય લેવામાં સક્ષમ બનાવવાનો હતો. કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડો. સુયોગ ઉપાસની, આઈ.ક્યુ.એ.સી. કો—ઓર્ડિનેટર ડૉ. કલ્પેશ ગોહિલ અને ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ ના કોર્ડિનેટર શ્રીમતી વિભૂતિ ભોઈ તેમજ મેમ્બર શ્રી અનંત પરમાર ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સેશનમાં શ્રી અંકુર પટેલ(Aris Overseas,મેનેજિંગ ડિરેક્ટર) વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડ્યું હતું. તેમણે વિદેશમાં ઉચ્ચ શિક્ષણની તકો, વિદેશ અભ્યાસની પ્રક્રિયા તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ કારકિર્દીની વિવિધ તકો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ, તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

સ્પેક એન્જિનિયરિંગના વિદ્યાર્થીની પશ્ચિમ ઝોન એન.એસ.એસ. પ્રી-રિપબ્લિક ડે પરેડ કેમ્પ–૨૦૨૬ માટે પસંદગી કરાઈ.



કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક), બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીના ઇન્ફોર્મેશન ટેક્નોલોજી વિભાગના તૃતીય વર્ષના બી.ઈ.ના વિદ્યાર્થી શ્રી વરિયા મિક્સિતકુમાર અલ્પેશભાઈની પશ્ચિમ ઝોન એન.એસ.એસ. પ્રી-રિપબ્લિક ડે પરેડ કેમ્પ–૨૦૨૬ માટે પસંદગી કરવામાં આવી હતી.આ સમગ્ર પસંદગી પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીને કોલેજના પ્રિન્સિપાલ ડૉ. નાનક પમનાણી તથા વાઇસ પ્રિન્સિપાલ અને આઈ.ક્યુ.એ.સી. કો-ઓર્ડિનેટર ડૉ. ઋત્વિજ જોશી તેમજ એન.એસ.એસ. યુનિટનું માર્ગદર્શન અને પ્રોત્સાહન પ્રાપ્ત થયું હતું.આ સિદ્ધિ તેમની નિષ્ઠા, શિસ્ત, ટીમવર્ક અને રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) દ્વારા સમાજસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.આ પશ્ચિમ ઝોન એન.એસ.એસ. પ્રી-રિપબ્લિક ડે પરેડ કેમ્પ—૨૦૨૬નું આયોજન અનુરાગ યુનિવર્સિટી, હૈદરાબાદ, તેલંગાણા ખાતે કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ, તમામ ટ્રસ્ટીશ્રીઓ તથા સ્પેક મેનેજમેન્ટ દ્વારા વિદ્યાર્થીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપતો વધુ એક મહત્ત્વનો નિર્ણય

રાજ્યની સરકારી અને અનુદાનિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોના માનદ વેતનમાં બમણો વધારો



કમલમ્,ગાંધીનગર

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે રાજ્યની સરકારી તથા ગ્રાન્ટ-ઈન-એઈડ (અનુદાનિત) ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITIs) માં તાલીમાર્થીઓને વ્યવસાયલક્ષી અને કૌશલ્યલક્ષી તાલીમ આપવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપતા પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોના હિતમાં સંવેદનશીલ નિર્ણય લીધો છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આ ઇન્સ્ટ્રક્ટરોના માનદ વેતનના દરોમાં નોંધપાત્ર વધારો કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી તાલીમ ક્ષેત્રે કાર્યરત પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોને આર્થિક લાભ મળવાની સાથે તેમની સેવાઓને વધુ પ્રોત્સાહન મળશે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ તથા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા તેમજ રાજ્ય મંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાના નેતૃત્વમાં લેવામાં આવેલા આ નિર્ણય અનુસાર પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોના પ્રતિ કલાક માનદ વેતનના દરમાં રૂ. ૯૦ થી વધારો કરીને રૂ. ૧૮૦ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, દૈનિક મહત્તમ માનદ વેતનની મર્યાદા રૂ. ૫૪૦ થી વધારીને રૂ. ૧,૦૮૦ કરવામાં આવી છે. જ્યારે માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદામાં પણ બમણો વધારો કરીને રૂ. ૧૪,૦૪૦ થી વધારીને રૂ. ૨૮,૦૮૦ કરવામાં આવી છે. આમ, દૈનિક મહત્તમ તથા માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદામાં બમણાથી વધુનો વધારો કરવામાં આવતાં પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોને તેમની સેવાઓના પ્રમાણમાં વધુ આર્થિક લાભ મળી શકશે. આ સાથે જ; આઈટીઆઈમાં ભણતા વિદ્યાર્થીઓને પણ વધુ શ્રેષ્ઠ ઇન્સ્ટ્રક્ટર્સદ્વારા ઉચ્ચ ક્વોલિટીનું અવિરત તાલીમ મળશે. માનદ વેતનમાં વધારો થતાં વધુ સંખ્યામાં વિઝિટર્સ ઇન્સ્ટ્રક્ટર્સ સેવાઓ આપવા માટે તૈયાર થશે કે જેથી વિદ્યાર્થીઓનો અભ્યાસ પણ નહી બગડે. નોંધનીય છે કે, રાજ્યની સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઇડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વિવિધ વ્યવસાયોમાં તાલીમાર્થીઓને ગુણવત્તાયુક્ત વ્યવસાયલક્ષી તાલીમ આપવા માટે પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોની સેવાઓ લેવામાં આવે છે. આ ઇન્સ્ટ્રક્ટરો તાલીમાર્થીઓને સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે વ્યવહારુ કૌશલ્યો અને ઔદ્યોગિક ક્ષેત્રના અનુરૂપ તાલીમ આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી, તેમના માનદ વેતનમાં કરવામાં આવેલો આ વધારો રાજ્યની વ્યાવસાયિક તાલીમ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણપગલું સાબિત થશે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આ અંગે તાજેતરમાં ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે તથા ઠરાવની જોગવાઈઓ અનુસાર માનદ વેતનના સુધારેલા દરો ઠરાવની તારીખ થી અમલમાં મૂકવામાં આવ્યા છે. રાજ્ય સરકારનો આ નિર્ણય કૌશલ્ય વિકાસ ક્ષેત્રે કાર્યરત માનવ સંસાધનને યોગ્ય પ્રોત્સાહન આપવાની સાથે સરકારી અને અનુદાનિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમની ગુણવત્તા, કાર્યક્ષમતા અને તાલીમ વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવામાં સહાયક બનશે.

દૈનિક મહત્તમ માનદ વેતન રૂ. ૫૪૦થી વધારી રૂ. ૧,૦૮૦ અને માસિક મહત્તમ મર્યાદા રૂ. ૧૪,૦૪૦ થી વધારી રૂ.૨૮,૦૮૦ કરાઈ

સતર્કતા જાગૃતિ સપ્તાહ' અંતર્ગત જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના કર્મયોગીઓએ લીધા 'શપથ'

અધિકારી- કર્મચારીઓએ ભ્રષ્ટાચાર સામે અડગ રહેવા અને જાહેર જીવનમાં પારદર્શિતાથી કામ કરવા કર્યો સંકલ્પ



કમલમ્, ગાંધીનગર

દેશભરમાં ઉજવાઈ રહેલા 'સતર્કતા જાગૃતિ સપ્તાહ' અંતર્ગત જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર ખાતે ફરજબોધાવતા અધિકારીઓ અને કર્મચારીઓએ પ્રામાણિકતા, પારદર્શિતા અને નિષ્ઠાના શપથ લીધા હતા. ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામકશ્રી માનસી દેસાઈએ ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સતર્કતાના શપથ લેવડાવ્યા હતા. શપથ ગ્રહણ દરમિયાન તમામ કર્મયોગીઓએ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ઈમાનદારી જાળવી રાખવા, કાયદાકીય નિયમોનું પાલન કરવા, ભ્રષ્ટાચાર સામે અડગ રહેવા તેમજ જાહેર જીવનમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વથી કામ કરવા માટે સંકલ્પ કર્યો હતો. આ સપ્તાહની ઉજવણી થકી નાગરિકોને વધુ સારી અને પારદર્શક સેવાઓ પૂરી પાડી શકાય તે માટે સરકારી કામકાજમાં સચોટતા, સતર્કતા અને નૈતિક મૂલ્યોને વધુદ્રઢ કરવાનો છે. શપથવિધિના આ કાર્યક્રમમાં જિલ્લા માહિતી કચેરીના તમામ સ્ટાફગણ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

વર્ગખંડના અભ્યાસને બંદરના વહીવટી વ્યવહાર સાથે જોડતી VNSGU ના વિદ્યાર્થીઓની અદાણી હજીરા બંદરની મુલાકાત

UDAAN CSR પ્રોજેક્ટ હેઠળ M.A. પબ્લિક એડમિનિસ્ટ્રેશનના વિદ્યાર્થીઓએ બંદર શાસન, PPP અને વૈશ્વિક સપ્લાય ચેઇન લોજિસ્ટિક્સનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો



દરિયાઈ માળખાના વહીવટી પાસાં અને કોર્પોરેટ સામાજિક જવાબદારીને સમજવાની તક મળી

કમલમ્,સુરત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ના લોક પ્રશાસન વિભાગના **M.A.** પબ્લિક એડમિનિસ્ટ્રેશનના વિદ્યાર્થીઓએ તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ **UDAAN CSR** પ્રોજેક્ટ અંતર્ગત અદાણી હજીરા બંદરની શૈક્ષણિકમુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને જાહેર વહીવટના સૈદ્ધાંતિક અભ્યાસની સાથે કોર્પોરેટ સામાજિક જવાબદારી (**CSR**) જેવા મહત્ત્વપૂર્ણવિષયો અંગે પ્રત્યક્ષ જ્ઞાનકારી મેળવી હતી. દેશના દરિયાઈ માળખામાં બંદરોની ભૂમિકા, જાહેર અને ખાનગી ક્ષેત્ર વચ્ચેના સહયોગનું વિભાગના વડા ડૉ. મધુ એમ. થવાણી તથા ટ્રસ્ટ-ઓડિનેટર ડૉ. દીપિકા ગુમાના નેતૃત્વમાં યોજાયેલી આ મુલાકાતમાં ૬૪ વિદ્યાર્થીઓ સાથે પ્રો. મમતા ભક્કડ, ડૉ. સ્વાતિ અમિતકુમાર દેસાઈ અને શ્રીમતી મમતા મીના પણ જોડાયાં હતાં. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ બંદર શાસન, જાહેર-ખાનગી ભાગીદારી (**PPP**), વૈશ્વિક સપ્લાય ચેઇન લોજિસ્ટિક્સ અને કોર્પોરેટ સામાજિક જવાબદારી (**CSR**) જેવા મહત્ત્વપૂર્ણવિષયો અંગે પ્રત્યક્ષ જ્ઞાનકારી મેળવી હતી. દેશના દરિયાઈ માળખામાં બંદરોની ભૂમિકા, જાહેર અને ખાનગી ક્ષેત્ર વચ્ચેના સહયોગનું મહત્ત્વ તેમજ વૈશ્વિક વેપાર વ્યવસ્થામાં લોજિસ્ટિક્સનું સ્થાન સમજવાની તક વિદ્યાર્થીઓને મળી હતી.

લોકપ્રશાસનના અભ્યાસમાં નીતિ, વહીવટી માળખું અને જાહેર-ખાનગી ક્ષેત્રના પરસ્પર સંબંધોનું વિશેષ મહત્ત્વ છે. આ સંદર્ભમાં અદાણીહજીરા બંદરની મુલાકાત વિદ્યાર્થીઓ માટે વર્ગખંડમાં મેળવેલા જ્ઞાનને વાસ્તવિક ક્ષેત્ર સાથે જોડવાનો અનુભવ બની હતી. **UDAAN CSR** પ્રોજેક્ટ હેઠળની આ પહેલે વિદ્યાર્થીઓને શૈક્ષણિકઅભ્યાસની સાથે વ્યવહારુ વહીવટી સમજ કેળવવાની તક પૂરી પાડી હતી.

વેસ્ટ ઝોન જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ઐતિહાસિક સિદ્ધિ



કમલમ્,

તા. ૨૪ સપ્ટેમ્બરથી ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન ગોવા ખાતે યોજાયેલી ૩૦મી વેસ્ટ ઝોન જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં જૂનાગઢની બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજની વિદ્યાર્થીની કથક શ્રદ્ધા કાંતિભાઈએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને કોલેજ, શહેર તેમજ સમગ્ર ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. કથક શ્રદ્ધા કાંતિભાઈ હાલમાં બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજમાં બી.એ. (ગુજરાતી વિષય)ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરી રહી છે. આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં તેણે ગુજરાત રાજ્યનું ગૌરવપૂર્ણ પ્રતિનિધિત્વ કર્યું હતું. ગોળાફેંક (**ShO Put**) ઇવેન્ટમાં શ્રદ્ધાએ ૧૦.૮૯ મીટરનો પોતાનો શ્રેષ્ઠ થ્રો નોંધાવીને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને પ્રતિષ્ઠિત પ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. તેની આ સિદ્ધિ રાજ્યતેમજ કોલેજ માટે ગૌરવ અને આનંદની બાબત છે. શ્રદ્ધાની આ ઝળહળતી સફળતા પાછળ તેની સતત અને અથાક મહેનત, રમત પ્રત્યેનું સમર્પણ અને નિયમિત તાલીમનો અત્યંત મહત્વનો ફાળો રહ્યો છે. હાલમાં તે એસ.એ.જી. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, જફર મેદાન, જૂનાગઢ ખાતે ડૉ. મનીષભાઈ જીલડીયાના સક્ષમ માર્ગદર્શન અને સઘન તાલીમ હેઠળ પોતાની રમત ગમતની પ્રતિભાને વધુ નિખારી રહી છે. તેમના શ્રેષ્ઠ માર્ગદર્શન હેઠળ તેણે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પોતાની એક આગવી અને અનોખી ઓળખ ઊભી કરી છે. વિદ્યાર્થીનીની આ નોંધપાત્ર અને ગૌરવવંતી સિદ્ધિ બદલ બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજના આચાર્યશ્રી ડૉ. જે. આર. વાંઝા સાહેબે શ્રદ્ધાને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ આવી જ રીતે વધુ ઉચ્ચ સિદ્ધિઓ હાંસલ કરવા માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. આ ઉપરાંત, કોલેજના તમામ પ્રાધ્યાપકગણ, બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ સમગ્ર સ્ટાફે શ્રદ્ધાને તેની આ વિશેષ સફળતા બદલ શુભકામનાઓ પાઠવી હતી અને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. કાથક શ્રદ્ધા કાંતિભાઈની આ સિદ્ધિ કોલેજના અન્ય વિદ્યાર્થીઓ માટે પણ એક મોટી પ્રેરણારૂપ બની છે. રમતગમત ક્ષેત્રે સતત પરિશ્રમ, શિસ્ત અને દ્રઢ આત્મવિશ્વાસ દ્વારા કેવી રીતે સફળતા શિખરો સર કરી શકાય તેનું આ એક ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે. બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ પરિવારને સંપૂર્ણ આશા છે કે શ્રદ્ધા ભવિષ્યમાં પણ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વધુને વધુ સિદ્ધિઓ હાંસલ કરીને કોલેજ, જૂનાગઢ શહેર અને ગુજરાત રાજ્યનું નામ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પર રોશન કરતી રહેશે.

ભાજપાના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત રાજકોટ ખાતે કેન્દ્રીય રાજયમંત્રી શ્રી એસ. પી. સિંઘ બઘેલજીની પત્રકાર પરિષદ યોજાઈ

વર્ષ ૧૯૫૨થી દેશમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા થતી આવી છે, કોંગ્રેસના શાસનકાળમાં પણ અનેક વખત SIR હાથ ધરાયું હતું -શ્રી એસ. પી. સિંઘ બઘેલજી



કમલમ્,

ભારતીય જનતા પાર્ટીના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત આજે કેન્દ્રીય રાજયમંત્રી શ્રી એસ. પી. સિંઘ બઘેલજીએ રાજકોટ ખાતે પત્રકાર પરિષદ સંબોધી હતી. કેન્દ્રીય રાજયમંત્રી શ્રી એસ. પી. સિંઘ બઘેલજીએ પત્રકાર પરિષદમાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિજન (**SIR**)એ ભારતના ચૂંટણી પંચ દ્વારા બંધારણ અને કાયદા હેઠળ મળેલી સત્તાઓના આધારે હાથ ધરવામાં આવતી એક નિયમિત અને બંધારણીયપ્રક્રિયા છે. ચૂંટણી પંચે પોતાની બંધારણીય મર્યાદાનું સહેજ પણ ઉલ્લંઘન કર્યા વિના આ પ્રક્રિયા હાથ ધરી છે. વિપક્ષ જો ખરેખર મતદારોના મતાધિકાર છીનવાયા હોવાનો આક્ષેપ કરતું હોય તો તેણે માત્ર રાજકીય નિવેદનો કરવાને બદલે સોગંદનામા સાથે પુરાવા રજૂ કરવા જોઈએ કે કયા માન્ય મતદારોનાં નામ ખોટી રીતે મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યાં છે. શ્રી બઘેલજીએ એતિહાસિકતથ્યો રજૂ કરતાં જણાવ્યું હતું કે, દેશમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા કોઈ નવી બાબત નથી. વર્ષ ૧૯૫૨ની પ્રથમ લોકસભા ચૂંટણી પૂર્વે પણ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ૧૯૫૬, ૧૯૬૧, ૧૯૬૫-૬૬, ૧૯૮૩-૮૪, ૧૯૮૭-૮૯, ૧૯૯૨-૯૩ અને ૧૯૯૫ સહિતના વિવિધ સમયગાળામાં કોંગ્રેસના શાસનકાળ દરમિયાન આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૨-૦૩માં અટલ બિહારી વાજપેયીજીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારના સમયમાં અને ત્યારબાદ વર્ષ ૨૦૦૪માં મનમોહનસિંહજીની સરકારના સમયમાં પણ મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા થઈ હતી. તે સમયે ભાજપા વિપક્ષમાં હોવા છતાં આ પ્રક્રિયાની બંધારણીયતા સામે કોઈ સવાલ ઉઠાવવામાં આવ્યા નહોતા. આજે એ જ નિયમિત અને બંધારણીય પ્રક્રિયા એનડીએ સરકારના સમયમાં હાથ ધરાઈ રહી છે ત્યારે વિપક્ષ દ્વારા તેનો રાજકીય વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે વિપક્ષનો વિરોધ પ્રક્રિયા સામે નહીં, પરંતુ પોતાના રાજકીય હિતો સામે ઊભા થયેલા પડકાર સામે છે. એસઆઈઆર પ્રક્રિયાની જરૂરિયાત સમજાવતાં શ્રી બઘેલજીએ જણાવ્યું હતું કે, સમયાંતરે મતદાર યાદીઓનું શુદ્ધિ કરણ કરવું લોકશાહીની વિશ્વસનીયતા જાળવવા માટે અત્યંત આવશ્યક છે. છેલ્લા બે દાયકામાં મૃત્યુ પામેલા, અન્ય સ્થળે કાયમી સ્થળાંતર કરેલા, એકથી વધુ જગ્યાએ નામ ધરાવતા તેમજ કાયદેસર રીતે મતદાર તરીકે નોંધણી માટે લાયક ન હોય તેવા લોકોનાં નામોની ચકાસણી અને સુધારણા આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ છે. કોંગ્રેસના શાસનકાળમાં પણ આ જ પ્રક્રિયાને યોગ્ય ઠેરવવામાં આવી હતી. ત્યારે આ પ્રક્રિયા યોગ્ય હતી તો આજે તેમાં ખોટું શું છે? મતદાર યાદીમાં મૃતક અને ડુપ્લિકેટ મતદારોનાં નામ જાળવી રાખવાનો વિપક્ષનો આગ્રહ આખરે કયા લોકતાંત્રિક હિતમાં છે? વિવિધ રાજ્યોના આંકડા રજૂ કરતાં શ્રી બઘેલજીએ જણાવ્યું હતું કે, ઉત્તર પ્રદેશમાં ૨૫.૪૩ લાખ ડુપ્લિકેટ મતદારો અને ૮૬.૨૩ લાખ મૃત મતદારો નોંધાયા હતા. મહારાષ્ટ્રમાં ૧૭.૬૩ લાખ ડુપ્લિકેટ અને ૩૪.૮૧ લાખ મૃત મતદારો મળી આવ્યા હતા. જ્યારે ગુજરાતમાં પણ ૩.૮૧ લાખ ડુપ્લિકેટ અને ૧૮ લાખ મૃત મતદારોનાં નામ સામે આવ્યાં હતાં. આવા નામો દૂર કરવાની પ્રક્રિયાને વિપક્ષ દ્વારા જાણે સાચા મતદારોના મતાધિકાર છીનવાઈ રહ્યા હોય તે રીતે રજૂ કરવામાં આવી રહી છે. હકીકતમાં મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવેલાં નામોની પાછળ મૃત્યુ, સ્થળાંતર અથવા એકથી વધુ જગ્યાએ નોંધણી જેવા કારણો રહેલા છે. આ સમગ્ર પ્રક્રિયામાં ત્રણ વખત બૂથ લેવલ ઓફિસર્સ (**BLO**) દ્વારા ઘરે-ઘરે જઈને ચકાસણી કરવામાં આવી છે. વિવિધ રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટ્સ (**BLA**) પણ આ પ્રક્રિયામાં જોડાયા હતા. આમ, આ પ્રક્રિયા પારદર્શક રીતે અને વિવિધ સ્તરે ચકાસણી સાથે હાથ ધરવામાં આવી છે. કોંગ્રેસની રાજકીય નિષ્ફળતાને એસઆઈઆર સાથે જોડવાના પ્રયાસો અંગે શ્રી બઘેલજીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ લાંબા સમયથી દેશનાં અનેક રાજ્યોમાં સત્તાથી દૂર છે. તમિલનાડુમાં ૫૮ વર્ષથી, પશ્ચિમ બંગાળમાં ૪૯ વર્ષથી, ઉત્તર પ્રદેશમાં ૩૭ વર્ષથી, બિહારમાં ૩૬ વર્ષથી, ત્રિપુરામાં ૩૩ વર્ષથી, ગુજરાત માં ૩૦ વર્ષથી અને ઓડિશામાં ૨૬ વર્ષથી કોંગ્રેસ સત્તાથી દૂર છે. આ રાજ્યોમાં કોંગ્રેસની રાજકીય સ્થિતિનું કારણ એસઆઈઆર પ્રક્રિયા નથી, પરંતુ જનતાએ ચૂંટણીમાં જનાદેશ દ્વારા કોંગ્રેસને સ્વીકારી નથી. કોંગ્રેસ દ્વારા પોતાની નિષ્ફળતાને ઢાંકવા માટે જીંઈ અંગે વિવાદ ઊભો કરીને જનતામાં ભ્રમ ફેલાવવાનો અને અરાજકતાનું વાતાવરણ ઊભું કરવાનો દુપ્રયાસ થઈ રહ્યો છે. શ્રી બઘેલજીએ વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે, ચૂંટણી પંચ જેવા બંધારણીય સંસ્થાના નિર્ણયો કોઈ એક વ્યક્તિ દ્વારા લેવામાં આવતા નથી. એસઆઈઆર જેવી મહત્ત્વપૂર્ણ પ્રક્રિયામાં ચૂંટણી પંચના સંબંધિત અધિકારીઓ અને તંત્રના વિવિધ સ્તરે વિચારણા તથા સહમતી બાદ નિર્ણય લેવામાં આવે છે. તેથી આ સમગ્ર પ્રક્રિયાને કોઈ એક વ્યક્તિ કે રાજકીય પક્ષ સાથે જોડીને રજૂ કરવી એ બંધારણીય સંસ્થાની ગરિમાને ઠેસ પહોંચાડવા સમાન છે. ભારતના બંધારણ અને લોકશાહીને ખતરો હોવાના આક્ષેપો કરનારાઓએ પોતાના ભૂતકાળમાં પણ ડોકિયું કરવું જોઈએ. ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ દેશમાં કટોકટી લાદીને લોકશાહીના મૂળભૂત અધિકારોનું હનન કરનાર કોંગ્રેસ આજે જોલોકશાહી અને બંધારણની રક્ષા કરવાની વાતો કરી રહી છે. કટોકટી દરમિયાન દેશના વિવિધ વિપક્ષી પક્ષોના લાખથી વધુ કાર્યકરોને જેલમાં પૂરવામાં આવ્યા હતા. લોકશાહી અને બંધારણની રક્ષા અંગે કોંગ્રેસના ઉપદેશો તેના પોતાના ઈતિહાસ સામે જ પ્રશ્નાર્થ ઊભો કરે છે. અંતમાં શ્રી બઘેલજીએ જણાવ્યું હતું કે, મતદાર યાદીનું શુદ્ધિ કરણ એ લોકશાહીને વધુ મજબૂત, પારદર્શક અને વિશ્વસનીય બનાવવાની આવશ્યક પ્રક્રિયા છે. મૃત અને ડુપ્લિકેટ મતદારોનાં નામ દૂર થાય, દેશકલ્યાણનાગરિકનું નામ મતદાર યાદીમાં રહેએ ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા જળવાય તે સૌના હિતમાં છે. પરંતુ વિપક્ષ આ રચનાત્મક અને બંધારણીય પ્રક્રિયાને રાજકીય રંગ આપીને દેશની બંધારણીય સંસ્થાઓ પ્રત્યે અવિશ્વાસ ઊભો કરવા તથા જનતામાં અરાજકતા ફેલાવવાનો દુષ્પ્રયાસ કરી રહ્યો છે. ભાજપાનું 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન આવા ભ્રામક પ્રચાર સામે સત્ય અને બંધારણીય વ્યવસ્થાની વાસ્તવિકતા જનતા સમક્ષ મૂકવાનું કાર્ય કરી રહ્યું છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ગૃજકોટના સાંસદ શ્રી પરષોત્તમભાઈ રૂપાલાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, એસ્આઈઆર મુદ્દેવિપક્ષ દ્વારા ભ્રમ અને ગેરસમજનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. હકીકતમા **SIR** નો વિરોધ એ અધૂરી વિગતો અને ગેરસમજ ફેલાવી જનતાને ગેરમાર્ગે દોરવાના વિપક્ષના રાજકીય ષડયંત્રનો જ એક ભાગ છે. શ્રી રૂપાલાજીએ વધુમાં જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે પણ એસ.એ.ઈ.આર.ની પ્રક્રિયા કાયદાકીય અને બંધારણીય જોગવાઈઓ અનુસાર વિધિસર રીતે હાથ ધરી છે. ભૂતકાળમાં વિપક્ષને અનેક વખત કારમી ચૂંટણી હારનો સામનો કરવો પડ્યો છે, પરંતુ ત્યારે એસઆઈઆરનો મુદ્દો ઉપસ્થિત થયો નહોતો. આજે કોંગ્રેસ અને વિપક્ષ દ્વારા **SIR** ની વૈધાનિક અને નિયમિત પ્રક્રિયાને વિકૃત સ્વરૂપે રજૂ કરીને જનતામાં ભ્રમ ફેલાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ સમગ્ર પરિસ્થિતિ માં ભારતીય જનતા પાર્ટી નો હેતુ માત્ર એટલો જ છે કે એસઆઈઆરની વાસ્તવિકતા, તેનો હેતુ અને તેની બંધારણીય પ્રક્રિયા અંગે જનતામાં યોગ્ય સમજ અને જાગૃતિ આવે તથા વિપક્ષના ભ્રામક પ્રચાર સામે સત્ય હકીકતો લોકો સમક્ષ ઉજાગર થાય. આ પત્રકાર પરિષદમાં પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ અને જૂનાગઢના સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદશ્રી પરષોત્તમભાઈ રૂપાલા, રાજકોટ મહાનગર ભાજપા અધ્યક્ષ શ્રી માધવભાઈ દવે, મેયર શ્રી નેહલભાઈ શુકલ, ધારાસભ્યશ્રીઓ શ્રીમતી દર્શિતાબેન શાહ, પ્રદેશ કારોબારી સભ્ય અને ભાજપા આગેવાનશ્રી રાજુભાઈ ધ્રુવ, મહાનગર મીડિયા ઈન્ચાર્જ શ્રી હાર્દિક બોરડ સહિત આગવનો ઉપસ્થિત રહ્યા હતાં.

પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદના અધિકારીઓ અને કર્મચારીઓએ લીધા પ્રામાણિકતા અને સતર્કતાના શપથ



કમલમ્,

પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ ખાતે અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા 'સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૬'ની ઉજવણીના ભાગરૂપે અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા પ્રામાણિકતા, નિષ્ઠા અને સતર્કતાના શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા. સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત દેશના આર્થિક, રાજકીય અને સામાજિક વિકાસમાં ભ્રષ્ટાચારમુક્ત વાતાવરણ નિર્માણ થાય તેવા ઉમદા હેતુથી આ શપથ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કચેરીના ઉપસ્થિત તમામ અધિકારીઓ-કર્મચારીઓએ દેશ અને સમાજ પ્રત્યે પોતાની નિષ્ઠા વ્યક્ત કરી, ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં સક્રિય સહયોગ આપવા તેમજ જાહેરજીવનમાં પ્રામાણિકતા અને પારદર્શિતા જાળવવા દ્રઢ સંકલ્પ લીધો હતો. ઉલ્લેખનીય છે કે, ભ્રષ્ટાચારના નિર્મૂલન માટે જનજાગૃતિ લાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગત તા. ૩૧-૧૦-૨૦૨૬થી આગામી તા. ૦૬-૧૧-૨૦૨૬ દરમિયાન 'ફૈક્ષે-ફ્રુકહુહી છુટ્ટુહીહીજજ ઊીા!' (સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૬) ની ઉજવણી કરવામાં આવી રહી છે. સતર્કતા જાગૃતિ સપ્તાહના આ વર્ષના વિષય-વસ્તુનું ધ્યાન લઈને, તમામ વિભાગો, ખાતાના વડાઓ અને તેમના તાબા હેઠળની કચેરીઓ, બોર્ડ-નિગમો, જાહેર સાહસો તથા સ્થાનિક સત્તા મંડળો દ્વારા વિવિધ જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.

દિવાળીના તહેવારોને અનુલક્ષીને ગાંધીનગર જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રની વિશેષ ઝુંબેશ: ખાદ્યચીજોના ૯૦ નમૂના લેવાયા

મિઠાઈ, ફરસાણ, ઘી અને ખાદ્યતેલ સહિતની ચીજોની ગુણવત્તા ચકાસવા ફૂડ સેફટી ઓફિસર્સ દ્વારા સઘન તપાસ



'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' દ્વારા ૨૦૩ ખાદ્યચીજોનું સ્થળ પર જ પ્રાથમિક પરીક્ષણ અને લોકજાગૃતિ અભિયાન: નિયમોનું ઉલ્લંઘન કરનાર પેઢીઓને ઇમ્પ્રુવમેન્ટ નોટિસ; લાયસન્સ રદ્દ કરવા સુધીની કડક કાર્યવાહીની ચેતવણી

કમલમ્, ગાંધીનગર

નવરાત્રીથી લઈને દિવાળીના તહેવારો દરમિયાન નાગરિકોને શુદ્ધ, આરોગ્યપ્રદ અને સલામત ખોરાક મળી રહે તે હેતુથી ખાદ્યતંત્ર અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગર દ્વારા ઓક્ટોબર માસમાં જિલ્લામાં ખાસ ઝુંબેશરૂપે તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. "ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ એક્ટ-૨૦૦૬" હેઠળ જિલ્લાની વિવિધ પેઢીઓની આકસ્મિક મુલાકાત લઈને ખાદ્યચીજોના નમૂના લેવામાં આવ્યા હતા. આ ઝુંબેશ અંતર્ગત જિલ્લામાં વિવિધ સ્થળોએથી ફૂડ સેફ્ટી ઓફિસર્સ દ્વારા મિઠાઈ, ફરસાણ, ઘી, ખાદ્યતેલ વગેરે વિવિધ ખાદ્યચીજોના કુલ ૯૦ નમૂનાઓ લેવામાં આવ્યા છે. જે પૈકી ૫૦ પેઢીઓની એકટની જોગવાઈઓ હેઠળ ખાસ તપાસ કરી ખાદ્યવસ્તુઓની ગુણવત્તા ચકાસવામાં આવી હતી. તપાસ દરમિયાન સેનિટેશન અને હાઈજિનિક કન્ડિશન અન્વયે ક્ષતિઓ જણાતા ૦૧ પેઢીને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી છે. જો નોટિસ આપ્યા બાદ પણ સુધારો નહીં જણાય તો પેઢીનું લાયસન્સ કે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ કાયમી ધોરણે રદ્દ કરવા સુધીની સખત કાર્યવાહી હાથ ધરવામાં આવશે. લેવીલા તમામ નમૂનાઓના પૃથ્થકરણ અહેવાલ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરાશે. આ ઉપરાંત, 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' વાનદ્વારા જિલ્લામાં કુલ ૨૦૩ ખાદ્યચીજોનું સ્થળ પર જ પ્રાથમિક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પલ્લી મેળા તેમજ અન્ય તહેવારો નિમિત્તે લાગેલા સ્ટોલ્સ અને પેઢીઓ ખાતે ફૂડ સેફ્ટી બાબતે લોકજાગૃતિ પણ ફેલાવવામાં આવી હતી. તંત્ર દ્વારા તમામ પેઢીઓને ગુણવત્તાયુક્ત અને સ્વાસ્થ્યપ્રદ ખાદ્યચીજોનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ તથા વિતરણ કરવા અને એકટની તમામ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવા કડક સૂચનાઓ અપાઈ છે. ગાંધીનગર જિલ્લાની તમામ પેઢીઓને ખોરાક બનાવતા કે પીરસતા ઓપરેટરો ફરજિયાત કેપ, એપ્રોન અને ગ્લવ્ઝ પહેરે, તેવાર ખાદ્યચીજની બનાવટમાં કોઈપણ પ્રકારના અનધિકૃત કલરનો ઉપયોગ ન કરવો, અને મિઠાઈમાં નિયત માત્રામાં જ માન્ય ફૂડ કલર વાપરવા. કોઈપણ ખાદ્યચીજ ખુલ્લામાં ઉત્પાદન, સંગ્રહ કે વિતરણ ન કરવી તેમજ ન્યૂઝપેપરનો ઉપયોગ ટાળવા, જલદી બગડી જાય તેવી ખાદ્યચીજોનો સંગ્રહ યોગ્ય તાપમાને અને સ્વચ્છ જગ્યાએ કરવા? અપીલ કરવામાં આવી છે. તંત્ર દ્વારા આ તપાસ ભવિષ્યમાં પણ સતત ચાલુ રહેશે અને નિયમોના ભંગ બદલ લાયસન્સ કાયમી ધોરણે સસ્પેન્ડ કે રદ્દ કરવા સુધીની કડક કાર્યવાહી કરાશે. ગાંધીનગર જિલ્લાના તમામ નાગરિકોને શુદ્ધ અને સલામત ખોરાક મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હંમેશાં કટિબદ્ધ અને કાર્યરત છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ૮,૧૬૯ નવ નિયુક્ત વિદ્યાસહાયકોને ભલામણ પત્રો એનાયત કર્યા

નવી નિમણુંક મેળવી રહેલા શિક્ષકો વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરનારા અમૃતકાળના સાચા પ્રહરીઓ છેઃ મુખ્યમંત્રીશ્રી





કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગમાં નવી નિમણુંક મેળવનારા નવ નિયુક્ત વિદ્યાસહાયકોને વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરનારા અમૃતકાળના સાચા પ્રહરી ગણાવ્યા છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજ્ય સેવામાં જોડાઈ રહેલા આ શિક્ષકો વિદ્યાર્થીઓનું એવું સંગીન ઘડતર કરે કે તેઓ વિકસિત ભારતના નિર્માણમાં સંપૂર્ણ સહયોગ આપી શકે. પ્રાથમિક શિક્ષણ વિભાગ હસ્તક પસંદગી પામેલા નવનિયુક્ત વિદ્યા સહાયકોનો અભિવાદન તથા ભલામણ પત્ર એનાયત કરવાનો ગૌરવપૂર્ણ સમારોહ અડાલજના ત્રિમંદિર ખાતે યોજાયો હતો. આ સમારોહમાં કેબિનેટ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૮,૦૦૦થી વધુ વિદ્યા સહાયકોની ભરતી માંથી ૬,૦૦૦થી વધુ મહિલા ઉમેદવારો પસંદગી પામી છે, તે શિક્ષણ ક્ષેત્રે વધી રહેલા નારી શક્તિના દબદબાનું પ્રતીક છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરાવેલો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો અભિગમ આજે વટવૃક્ષ બની ચૂક્યો છે, તેનું આજે પરિણામ જોવા મળી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, પૂણ્ય પારદર્શિતાથી મહેનત ઉમેદવારોની પસંદગી કરી છે. ઉમેદવારોને પોતાની મહેનતના આધારે નોકરી મળી છે તે વાતનો આનંદ અને ગૌરવ વાલીઓ તથા પરિવારજનોની વિશાળ ઉપસ્થિતિમાં જોવા મળી રહ્યો છે. તેમણે શિક્ષણ વિભાગ આગામી સમયમાં વધુ ૧૦,૦૦૦ જેટલા શિક્ષકોની ભરતી કરવા માટેનું આયોજન કરી રહ્યો છે તેવો પણ સંકેત આપ્યો હતો. શિક્ષકના પદનું ગૌરવ રેખાંકિત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમાજમાં શિક્ષકનું પદ અત્યંત આદરણીય છે. વ્યક્તિ ગમે તેટલો મોટો ડોક્ટર, એન્જિનિયર કે સાયન્ટિસ્ટ બની જાય, પરંતુ તે પોતાના શિક્ષક સામે નમે જ છે. સંત જ્ઞાનેશ્વરનું માર્મિક રીતે ઉદાહરણ આપીને તેમણે શિક્ષકોને ડિજિટલ અને સોશિયલ મિડિયાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની તાકિદ પણ કરી હતી. શિક્ષક સમુદાયનું વર્તન અને આચરણ હંમેશા બાળ માનસ પર અસર કરે છે તેનો આ સુંદર્ભમાં તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ નવનિયુક્ત વિદ્યા સહાયકો તથા તેમના પરિવારજનોને આગામી દિવાળી પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી અને રાજ્ય સેવામાં તેમને આવકાર્યા હતા. ત્રિમંદિર, અડાલજ ખાતે યોજાયેલા આ અભિવાદન સમારોહમાં ત્રિમંદિર શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમ્ન વાજાએ નવનિયુક્ત વિદ્યાસહાયકોને આવકારતા કહ્યું હતું કે, રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે પ્રાથમિક શિક્ષણના પાયાને મજબૂત કરવાના દ્રઢ સંકલ્પ સાથે ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમની આ શરે ૧૧,૦૦૦ અને અન્ય માધ્યમોની આશરે ૯૮૭ જગ્યાઓ મળીને કુલ આશરે ૧૨,૦૦૦ વિદ્યાસહાયકોની એતિહાસિક ભરતી સંપૂર્ણપણે મેરિટ અને ટેકનોલોજીના આધારે પારદર્શક રીતે પૂર્ણ કરી છે. તેમણે ઉમેર્યું હતું કે, આ કાર્યક્રમ અનેક પરિવારોની આશાઓને નવી પાંખો આપીને ગુજરાતનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવાનો અવસર છે. વધુમાં શિક્ષણમંત્રીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે, પાયાની સાક્ષરતા, સંખ્યા જ્ઞાન, કૌશલ્ય વિકાસ અને અનુભવ આધારિત શિક્ષણ પર ભાર આપીને બાળકોને ગોખણપટ્ટીને બદલે સમજણ આધારિત શિક્ષણ આપવું અનિવાર્ય છે. પ્રવૃત્તિઓ, વાર્તાઓ, પ્રયોગો અને ટેકનો લોજીના માધ્યમથી વર્ગખંડને જીવંત બનાવવા તેમણે નવનિયુક્ત યુવા શિક્ષકોને આહ્વાન કર્યું હતું. વાલીઓ સાથે સતત સંવાદ, બાળકોની નિયમિત હાજરી તથા સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપી 'વિકસિત ગુજરાત'થી 'વિકસિત ભારત'ના નિર્માણમાં સહભાગી બનવા પ્રેરણા આપી હતી તેમજ તમામ નવનિયુક્ત વિદ્યાસહાયકો અને તેમના પરિવારજનોને આગામી દિવાળી પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી મિલિંદ તોરવણેએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા. શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ નવચયન પામેલા વિદ્યાસહાયકોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, શિક્ષક એ માત્ર ભણાવનાર નહીં પણ ભવિષ્યના ઘડવૈયા છે, કારણ કે રાષ્ટ્રનું ભવિષ્ય વર્ગખંડોમાં સુનિશ્ચિત થાય છે અને શાળામાંજ ઉત્તમ વિચારવાન વ્યક્તિત્વ તથા ચરિત્ર નિર્માણનો પાયો નંખાય છે. માત્ર જ્ઞાન કરતાં આચરણ અને ચરિત્રનું મૂલ્ય સવિશેષ છે, તેથી શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન પૂરતું સીમિત ન રહેતાં મૂલ્યો, કૌશલ્યો તથા ટેકનોલોજી આધારિત હોવું જોઈએ. ગુરુ રવીન્દ્રનાથ ટાગોરના વિચારોને ટાંકીને તેમણે ઉમેર્યું હતું કે, જેમને સાચી દેશસેવા કરવી હોય તેમણે શિક્ષણના ક્ષેત્રમાં કાર્ય કરવું જોઈએ, કારણ કે દેશના ભવિષ્ય નિર્માણમાં શિક્ષકોની ભૂમિકા અત્યંત અગત્યની છે. શિક્ષણ વ્યવસ્થામાં નવનિયુક્ત શિક્ષકો બાળકોમાં ઉત્તમ જ્ઞાન અને સંસ્કારોનું સિંચન કરી રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કરશે, તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રાજેશ પટેલ, ગુજરાત શિક્ષણ બોર્ડના અધ્યક્ષ શ્રી મુકેશ પંડ્યા, શાળાઓની કચેરીના કમિશનર શ્રી આનંદ પટેલ, કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલે, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી પ્રકાશ ત્રિવેદી તથા બહોળી સંખ્યામાં વિદ્યાસહાયકો અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

એશિયન ગેમ્સ અને પેરા એશિયન ગેમ્સમાં ગુજરાતનું ગૌરવ વધારનાર ખેલાડીઓનું સન્માનઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે રૂ. ૯.૨૭ કરોડથી વધુની પ્રોત્સાહક ઈનામી રકમ અને ચેકનું વિતરણ કરાયું

આંતરરાષ્ટ્રીય સ્તરે દેશ અને રાજ્યનું નામ રોશન કરનાર ૧૮ ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાયા







ગુજરાતના ખેલાડીઓનું સમર્પણ અને ઉત્કૃષ્ટ પ્રદર્શન નવી પેઢી માટે પ્રેરણારૂપ બનશેઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

કમલમ્,

આંતરરાષ્ટ્રીય રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવી દેશ અને ગુજરાત રાજ્યનું નામ ગૌરવન્વિત કરનાર એશિયન ગેમ્સ તથા પેરા એશિયન ગેમ્સના મેડલ વિજેતાઓ અને સહભાગી ખેલાડીઓનું સન્માન રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

રમતગમત ક્ષેત્રે સમર્પણ, દ્રઢ સંકલ્પ અને ઉત્કૃષ્ટ પ્રદાનને બિરદાવતા રાજ્ય સરકાર દ્વારા કુલ ૧૮ જેટલા ખેલાડીઓને રૂ. ૯.૨૭ કરોડથી વધુની રોકડ રકમના ચેક એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "ગુજરાતના યુવા ખેલાડીઓએ પોતાના અડગ મનોબળ અને સખત પરિશ્રમના બળે આંતરરાષ્ટ્રીય મંચ પર ત્રિરંગો લહેરાવ્યો છે. રમતવીરોની આ ઐતિહાસિક સિદ્ધિ આવનારી નવી પેઢી માટે પ્રેરણારૂપ બનશે અને દેશના રમતગમતના સંકલ્પોને વધુ મજબૂત બનાવશે. રાજ્ય સરકાર ખેલાડીઓને શ્રેષ્ઠ તાલીમ, માળખાગત સુવિધાઓ અને પ્રોત્સાહન પૂરું પાડવા સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્ય અને દેશનું નામ રોશન કરનાર ખેલાડીઓને પ્રોત્સાહક ઈનામી રકમ એનાયત કરવામાં આવી હતી, જેમાં ક્રિકેટ ક્ષેત્રે ભારતીય પુરુષ ક્રિકેટ ટીમના રાધા યાદવને રૂ. ૬૬ લાખનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. પેરા એશિયન ગેમ્સમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર પેરા એથ્લેટિક્સ ખેલાડી અંજનાબેન રોહિતભાઈ બુંબડીયાને ગોલ્ડ મેડલ બદલ રૂ. ૨ કરોડ, નિમિષા સી. એસ.ને લોંગ જમ્પમાં સિલ્વર મેડલ બદલ રૂ. ૧ કરોડ, તેજલબેન ડામોરને સિલ્વર અને બ્રોન્ઝ મેડલ માટે કુલ રૂ. ૧.૫ કરોડ તેમજ રાકેશભાઈ ધનજીભાઈ બદ્રને ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર ડોર્સાં બે બ્રોન્ઝ મેડલ બદલ કુલ રૂ. ૧ કરોડ અર્પણ કરાયા હતા. પેરા ટેબલ ટેનિસમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ભાવિનાબેન પટેલને બે બ્રોન્ઝ મેડલ માટે કુલ રૂ. ૭૫ લાખ અને સોનલબેન પટેલને બ્રોન્ઝ મેડલ માટે રૂ. ૫૦ લાખ એનાયત કરવામાં આવ્યા હતા.

ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ મેડલ જીતનાર માનુષ શાહને રૂ. ૨૫ લાખની પ્રોત્સાહક રકમ આપવામાં આવી હતી.

આ ઉપરાંત વિવિધ રમતોમાં સહભાગી થયેલા ખેલાડીઓ પૈકી માનવ ઠક્કરને રૂ. ૫ લાખ, હરમીત દેસાઈને રૂ. ૨.૫ લાખ, આર્યન નેહરાને રૂ. ૫ લાખ, અંકિતા રૈનાને રૂ. ૨.૫ લાખ, અનિકેત પટેલને રૂ. ૨.૫ લાખ, મિતવા ચૌધરીને રૂ. ૫ લાખ, ભાવિકકુમાર ભરવાડને રૂ. ૫ લાખ અને વિષ્ણુ વાઘેલાને રૂ. ૧.૬૫ લાખની આર્થિક સહાય આપી વિશેષ બહુમાન કરાયું હતું. વિશેષ નોંધનીય બાબત એ છે કે જે ખેલાડીઓ પૈકી માનવ ઠક્કરને રૂ. ૫ લાખ, હરમીત દેસાઈને રૂ. ૨.૫ લાખ, આર્યન નેહરાને રૂ. ૫ લાખ, અંકિતા રૈનાને રૂ. ૨.૫ લાખ, અનિકેત પટેલને રૂ. ૨.૫ લાખ, મિતવા ચૌધરીને રૂ. ૫ લાખ, ભાવિકકુમાર ભરવાડને રૂ. ૫ લાખ અને વિષ્ણુ વાઘેલાને રૂ. ૧.૬૫ લાખની આર્થિક સહાય આપી વિશેષ બહુમાન કરાયું હતું. વિશેષ નોંધનીય બાબત એ છે કે જે ખેલાડીઓ રમતગમતની વ્યસ્તતા કે અન્ય કારણોસર આ સન્માન સમારોહમાં રૂબરૂ ઉપસ્થિત રહી શક્યા ન હતા, તે તમામ ખેલાડીઓને ઈનામની પ્રોત્સાહક રકમ ડીબીટી (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) મારફતે સીધી જ તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેલાડીઓ, કોચ અને પ્રતિનિધિઓએ રાજ્ય સરકારના આ પ્રોત્સાહક અભિગમ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

SIR અંગે જનજાગૃતિ સંદર્ભે વિશિષ્ટ નાગરિકો સાથે સંપર્ક અને સંવાદના ભાગરૂપે પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમદાવાદ ખાતે ગૃહ ઉદ્યોગ ક્ષેત્રની ઉદ્યોગસાહસિક મહિલાઓ તેમજ ગુજરાતી ફિલ્મ કલાકારો, રેડિયો જોકી અને ગાયકો સાથે સંવાદ યોજ્યો









કમલમ્,

દેશની સંવૈધાનિક સંસ્થાઓ અને દેશની મતદારયાદીના શુદ્ધિકરણ અને પ્રત્યેક નાગરિકને મતાધિકારની સુનિશ્ચિતતા માટે અંત્યંત મહત્વપૂર્ણ SIR પ્રક્રિયા સંદર્ભે બેબુનિયાદ આરોપો કરી અશાંતિ અને અરાજકતાના સહારે દેશના મજબૂત લોકતંત્રને નબળું પાડવાની કોશિશ કરી રહેલા વિપક્ષના કુપ્રયાસ સામે તથ્યો સાથે ઉજાગર કરવા ભાજપાના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત વિશિષ્ટ નાગરિકો સાથે સંપર્ક અને સંવાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. SIRઅંગે વિપક્ષ દ્વારા ફેલાવાઈ રહેલી પ્રવર્તમાન ગેરસમજણો દૂર થાય અને ચૂંટણી પંચની પારદર્શી પ્રક્રિયા અંગે સાચી માહિતી સમાજના દરેક વર્ગ સુધી પહોંચે તે માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમદાવાદના વસ્ત્રાપુર સ્થિત સ્થિત રાગ કેફે ખાતે ગૃહ ઉદ્યોગ ક્ષેત્રની ઉદ્યોગસાહસિક મહિલાઓ તથા બોડકદેવના મોકા કેફે ખાતે ગુજરાતી ફિલ્મ કલાકારો, રેડિયો જોકી અને ગાયકો સાથે મુલાકાત કરી સંવાદ યોજ્યો હતો. બંને સંવાદ દરમિયાન SIR પ્રક્રિયાના હેતુ, મતદાર યાદીની શુદ્ધતા અને ચોકસાઈ જાળવવાની આવશ્યકતા તેમજ લોકશાહીમાં દરેક પાત્ર નાગરિકના મતાધિકારનું મહત્વ જેવા વિષયો પર વિચારોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું. સંવાદમાં ઉપસ્થિત સૌ એ ભારતની મજબૂત લોકતાંત્રિક વ્યવસ્થા પ્રત્યે અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028